ગાંધીનગર સમાચાર

**મનપાએ ઢોર હાંક્યા ત્યાં શ્વાનની પળોજણથી નાગરીકો હેરાન**

## @ગાંધીનગર

● ભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ અંકુર સોસાયટી ઉવારસદ રોડ, વાવોલ ખાતે રાત્રે ૮.૦૦ કલાકે યોજાશે.

● ગાંધીનગર શહેર/ જિલ્લામાં આવેલ આયુર્વેદ અને હોમિયોપેથીક દવાખાનાઓ પર સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવવામાં આવશે.

● ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. સહકારીતા દ્વારા 'સ્નેહમિલન' સમારોહ તેમજ પેમેન્ટ માટે ડિજીટલ બેંકીંગ સેમિનાર બપોરે ૨ થી ૫ દરમિયાન સે-૧૨ ડો. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે યોજાશે.

● શહેરની ચૈતન્ય સ્કુલનો વાર્ષિકોત્સવ 'ચૈતન્યોત્સવ ૨૦૧૬'નું આયોજન સે-૧૭ ટાઉનહોલ ખાતે નર્સરીથી ધો-૫ સુધીના બાળકો માટે બપોરે ૩ કલાકે અને ધો-૬ થી ૧૨ સુધીના બાળકો માટે સાંજે ૬ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

# ઓપીડી તેમજ ઈન્ડોર બિલ્ડીંગ અલગ હોવા જોઈએ

## હોસ્પિટલની આરોગ્ય વિભાગના અગ્ર સચિવ પંકજકુમારે મુલાકાત લેતા અધિકારીઓ દોડતા થયા

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત રાજયના તબીબી સેવા અને શિક્ષણ વિભાગના અગ્ર સચિવ પંકજ કુમારે આજે અચાનક ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. પંકજકુમાર હોદાની રૂએ જીએમઈઆરએસના ચેરમેન હોવાથી સિવિલ હોસ્પિટલ, કોલેજ તંત્ર અને પીઆઈયુના અધિકારી-કર્મચારીઓ દોડતા થઈ ગયા હતા. પંકજકુમારે સવારથી ઓપીડી બિલ્ડીંગ, હોસ્પિટલ બિલ્ડીંગ, મેડીકલ કોલેજ તેમજ જુની બિલ્ડીંગનો રાઉન્ડ લીધો હતો. આ રાઉન્ડ દરમિયાન તેઓએ અધિકારીઓને જણાવ્યું હતું કે ઓપીડી તેમજ ઈન્ડોર બિલ્ડીંગ અલગ હોવા જોઈએ તેમજ વચ્ચે જરુરી આવશ્યક સેવાઓ હોવી જોઈએ. જયારે ઓપીડી બિલ્ડીંગની સાથે જ હોસ્પિટલના અધિકારીઓની ઓફિસો સંકલનમાં હોવી જોઈએ. જેને અનુલક્ષીને આગામી આયોજનમાં ધ્યાન રાખી સબંધિત અધિકારીઓને કહ્યું હતું. નવી બિલ્ડીંગમાં ટપકતી છતનો પ્રશ્ન સામે આવતા તાત્કાલીક અસરથી આ સમસ્યા દુર કરવા હાજર પીઆઈયુ વિભાગના અધિકારીઓને સુચના આપી હતી. એટલું જ નહી પ્રથમ માળે રસોડું કાર્યરત છે તે ગ્રાઉન્ડ ફલોર પર હોવું જોઈએ, હોસ્પિટલના અધિકારીઓની ઓફિસો વારંવાર ન બદલવા માટે પણ સુચના અપાઈ હતી. જયારે હોસ્પિટલમાં આવતા દર્દીઓના સગાઓ આરામથી બેસી શકે તે માટે વિશ્રામ ગૃહ અથવા ગાર્ડન રેસ્ટોરન્ટ તૈયાર કરવા માટે સુચના આપવામાં આવી હતી.

જયારે પંકજકુમારની સાથે ત્રણ કલાકના રાઉન્ડમાં સિવિલના અધિકારીઓને પગે પાણી ઉતરી આવ્યા હતા.



ગાંધીનગર સિવિલ સંકુલમાં આજે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ પંકજકુમારે ઓંચિતી મુલાકાત લીધી હતી. તેઓએ રાઉન્ડ દરમિયાન તાત્કાલીક વિભાગ, આઈસીયું, હિમોડાયાલિસીસ, ગાયનેક વોર્ડ સહિત જુની બિલ્ડીંગ, ઓપીડી બિલ્ડીંગ, કોલેજ બિલ્ડીંગની જાત તપાસ કરી હતી. રાઉન્ડ દરમિયાન રસોડું પહેલે માળે છે અને નીચે તેમજ વારંવાર બદલાતી અધિકારીઓની ચેમ્બરોને લઈને નારાજગી દર્શાવી હતી. તેઓએ હાજર અધિકારીઓને કચેરીઓ શા માટે વારંવાર બદલવામાં આવે છે તેમ પુછવામાં આવતા અધિકારીઓ એકબીજાની સામે જોતા નજરે પડ્યા હતા પરંતુ જવાબ આપી શક્યા નહોતા. પંકજકુમાર દર્દીઓની ઓપીડી બિલ્ડીંગથી લઈને ઈન્ડોર બિલ્ડીંગની ભાગદોડ જોઈને અધિકારીઓને એક બાજુ ઓપીડી અને એકબાજુ ઈન્ડોર દર્દીઓ જયારે વચ્ચે તાત્કાલીક વિભાગ, બ્લડબેંક, એકસ-રે, સોનોગ્રાફી, સીટીસ્કેન તેમજ હોસ્પિટલના સંકલન માટે અધિકારીઓની ઓફિસો હોવી જોઈએ તેવું સુચન કર્યુ હતું. જયારે દર્દીઓના સગાઓને બહાર જાહેરમાં જમતા જોઈને નવીન આયોજનમાં પીઆઈયુ વિભાગને ગાર્ડન રેસ્ટોરન્ટ કે વિશ્રામ ઘર બનાવવાં જણાવ્યું હતું. આ રાઉન્ડ ત્રણ કલાક જેટલો લાંબો ચાલતા એસી ચેમ્બરમાં બેસી રહેવા ટેવાયેલા અધિકારી-કર્મચારીઓને પગે પાણી ઉતરી ગયા હતા. જયારે પંકજકુમારની સાથે સમગ્ર રાઉન્ડમાં હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો.બિપિન નાયક, આરએમઓ ડો. રાજેન્દ્ર ચૌહાણ, જીએમઈઆરએસના સીઈઓ ડો.જે.જી.બુચ, મેડીકલ કોલેજના ડીન ડો.અરૂણ વ્યાસ, પીઆઈયુ વિભાગના અધિકારી ચોકસીભાઈ, નર્સિંગ સુપ્રિરીટેન્ડન્ટ જાગૃતિબેન પટેલ, વહીવટી અધિકારી બી.એમ.કટારા, એસઆઈ ભરત બારોટ સહિત સિકયુરીટી અને રાજદીપના સુપરવાઈઝર હાજર રહ્યા હતા.

## વાતવાતમાં

● આગામી વાઈબ્રન્ટ સમિટના પગલે પાટનગરમાં પધારનાર વીવીઆઈપી-વીઆઈપી મહેમાનોના એસ્કોર્ટિંગ માટે પોલીસ પાસે વાહનોની અછત હોવાના અહેવાલ તાજેતરમાં પ્રકાશિત થયા હતા. હવે પોલીસ તંત્ર દ્વારા રાજય સરકાર સમક્ષ કાર્ય માટે કુલ ૨૦૦ બોલેરો જીપની માંગણી કરવામાં આવી છે.

● ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા વિસ્તારમાં આવેલ શ્રીરંગ નેનોસીટીના બિલ્ડર સામે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશન જાહેરનામા ભંગનો ગુનો નોંધવામાં આવ્યો છે. રહેણાંક સોસાસટીમાં સીસીટીવી કેમેરાના ફુટેજ સ્ટોર કરવામાં બેદરકારી દાખવવા બદલ આ ગુનો નોંધવામાં આવ્યો છે.

● રાજય સરકાર દ્વારા ઉચ્ચતર માધ્યમિકની ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષણ સહાયક તરીકેની પસંદગી પ્રક્રિયા હાથ ધરાઈ છે. જેમાં ઈતિહાસનો વિષય ધરાવતા 'ટાટ' ઉમેદવારોને જિલ્લા પસંદગી માટે બોલાવ્યા બાદ તેમને ગેરલાયક ઠેરવી પસંદગી ના કરાતા આ ઉમેદવારોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. રાજયભરના તમામ જિલ્લાઓમાંથી આવા ઉમેદવારોના પ્રતિનિધિઓનું એક મંડળ શુક્રવારે શિક્ષણમંત્રીને રૂબરૂ રજૂઆત કરવા આવ્યું હતું પરંતુ શિક્ષણમંત્રી ઉપસ્થિત ના હોવાથી તેમના પીએને મળી રજૂઆત કરી પરત ફર્યું હતું.

## ભાવસાર મિત્ર મંડળનો વાર્ષિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

ભાવસાર મિત્ર મંડળ, ગાંધીનગરનો વાર્ષિક કાર્યક્રમ આગામી તા. ૧-૧-૨૦૧૭ને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન સે-૧૨ ગાંધીનગર ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં શૈક્ષણિક પારિતોષિક વિતરણ, સાંસ્કૃતિક કાર્યક્રમ, નિવૃત્ત થયેલા તેમજ બઢતી પામેલા કર્મચારીઓનું સન્માન તથા મહાપ્રસાદનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ તથા ૨૦૧૫-૧૬માં પ્રથમ અને બીજા ક્રમાંકે આવેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામો આપી નવાજવામાં આવશે. આ કાર્યક્રમના ભોજન પાસ કારોબારી સભ્યો પાસેથી વ્યકિતદીઠ રૂ. ૪૦ આપી તા. ૨૮-૧૨-૨૦૧૬ સુધીમાં મેળવી લેવા સંસ્થાના પ્રમુખે અનુરોધ કર્યો છે.

## સ્કાઉટ ગાઈડની પરીક્ષા પૂર્વે તાલીમ કેમ્પ યોજાયો

ગાંધીનગર જિલ્લાના ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા તા. ૧૫મી ડિસેમ્બરે એક દિવસીય પૂર્વ તાલીમ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર ડાયટ ખાતે યોજાયેલ કેમ્પમાં જિલ્લામાંથી રાજય પુરસ્કાર એવોર્ડ પ્રાપ્ત કરવા તૈયારી કરનાર જુદી જુદી શાળાઓમાંથી ૭૦ સ્કાઉટ ગાઈડે ભાગ લીધો હતો. આ વિદ્યાર્થીઓની ગુજરાત રાજય ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા લેખિત અને પ્રેકટીકલ પરીક્ષા તા. ૨૦મી ડિસેમ્બરે માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં યોજવામાં આવશે. આ પૂર્વ તાલીમ કેમ્પનું સંચાલન સંઘના જિલ્લા ચીફ કમિશનર રતિલાલ જોષી તથા મંત્રી અંજનાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડાયટના પ્રાચાર્ય આઈ.વી. પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી તથા વધુને વધુ વિદ્યાર્થીઓ પ્રવૃત્તિમાં જોડાય તે માટે શિક્ષકોને સૂચનાઓ આપી હતી.

## કર્મચારીઓના પડતર પ્રશ્નો મામલે સંકલન સમિતિનું સરકારી કાર્યક્રમોનો બહિષ્કાર કરવા એલાન

ગાંધીનગર, તા.૧૬

રાજય સરકારના કર્મચારીઓના લાંબા સમયના પડતર પ્રશ્નો બાબતે રાજય કર્મચારી સંકલન સમિતિએ આક્રમક બની બાંયો ચઢાવી છે અને સરકારી કાર્યક્રમોનો બહિષ્કાર કરવાનું પણ એલાન કર્યુ છે.

ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિની ડૉ. આંબેડકર ભવન ગાંધીનગર ખાતે સરકારના વિવિધ કર્મચારી મંડળના હોદ્દેદારો સાથેની સંયુકત બેઠક મળી હતી. જેમાં અઢીસો જેટલા આગેવાનો હાજર રહ્યા હતા. બેઠકમાં કર્મચારીઓના પડતર પ્રશ્નો, વર્કચાર્જ, રોજમદાર કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવા સહિતના સંખ્યાબંધ પડતર પ્રશ્નોના નિરાકરણ બાબતે સરકારનું હકારાત્મક વલણ ન હોવાથી તમામ હોદ્દેદારોએ આક્રોશ વ્યકત કર્યો હતો અને આગામી તા. ૫મી જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં સરકાર દ્વારા કોઈ નિરાકરણ નહીં લાવવામાં આવે તો સરકારના વાઈબ્રન્ટ સહિતના તમામ સરકારી કાર્યક્રમોનો ખુલ્લો બહિષ્કાર કરવામાં આવશે તેમજ આગામી ૧૦મી જાન્યુઆરી ૨૦૧૭ના રોજ ગાંધીનગર ખાતે સંકલન સમિતિના તમામ હોદ્દેદારો દ્વારા એક દિવસ પ્રતિક ધરણા કરવામાં આવશે તેવું સંકલન સમિતિના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું હતું.

# જ્ઞાનના માધ્યમથી મારા રાજયમાં બદલાવ લાવીશ

## છત્તીસગઢ તથા ઝારખંડના ૨૨૧ વિદ્યાર્થીઓ ગાંધીનગરની મુલાકાત દરમિયાન પ્રભાવિત : યુથ હોસ્ટેલની મુલાકાત દરમિયાન નહેરુ યુવા કેન્દ્રની પ્રવૃત્તિને બિરદાવી



ગાંધીનગર, તા.૧૬

ભારત સરકારના યુવા અને રમતગમત મંત્રાલય દ્વારા નહેરુ યુવા કેન્દ્ર ખાતે છત્તીસગઢ તથા ઝારખંડ જેવા રાજયના અંતરિયાળ નકસલ પ્રભાવિત ક્ષેત્રના ૨૨૧ જેટલા યુવાનો-યુવતિઓએ ગત સોમવારે મુલાકાત લીધી હતી. યુવાનોએ રાજયપાલની શુભેચ્છા મુલાકાત લીધા બાદ સે-૧૬ની યુથ હોસ્ટેલની પણ મુલાકાત લીધી હતી. આ યુવાનોએ તા. ૮મી ડિસેમ્બરથી તા. ૧૫મી ડિસેમ્બર દરમિયાન વડોદરા ખાતે એક શિબિરમાં ભાગ લઈ આદિવાસી વિસ્તારોમાં બદલાવ લાવી તેમના જીવનનો વિકાસ કેવી રીતે કરી શકાય તે અંગે વિવિધ તજજ્ઞ વકતાઓની વાણીનો લાભ લીધો હતો.

અત્રે ગાંધીનગરમાં યુથ હોસ્ટેલની મુલાકાત દરમિયાન આ યુવાઓ સાથે વડોદરા શિબિરના મુખ્ય કોઓર્ડીનેટર પ્રફુલ્લાબેન ત્રમ્બાડિઆ, નહેરુ યુવા કેન્દ્રના ઝોનલ ડાયરેકટર અનિતા ભારતીય, ડેપ્યુટી ડાયરેકટર રાજ પુરોહિત તથા ગાંધીનગર નહેરુ યુવા કેન્દ્રના યુથ-કો ઓર્ડિનેટર રજનીકાંત સુથાર ઉપસ્થિત રહ્યા હતા. યુથ કો-ઓર્ડિનેટર રજનીકાંત સુથાર તથા એકાઉન્ટ ઓફિસર સહિત નહેરુ યુવા કેન્દ્ર દ્વારા યુવાઓનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. યુથ હોસ્ટેલની મુલાકાત બાદ યુવાનોને ગાંધીનગર ખાતેના સીઆરપીએફ કેમ્પની મુલાકાત માટે લઈ જવાયા હતા.



'મારા રાજયમાં મારે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુધારવા પોલીસમાં ભરતી થવું છે. ગુજરાતમાં પ્રથમવાર આવી છું જે નહેરુ યુવા કેન્દ્રને આભારી છે. ગુજરાત રાજય સ્વચ્છતા-સફાઈ પ્રત્યે જાગૃત છે તેમજ અહીં દિકરા દિકરી વચ્ચે ભેદભાવ નથી કરાતો તે બાબતે મને ખુબ પ્રભાવિત કરી છે.'

**- અનામિકા (બીએ-હિન્દી)**
**ગુભલા ગામ, ઝારખંડ**

'જ્ઞાનના માધ્યમથી મારે છત્તીસગઢમાં બદલાવ લાવવો છે જે માટે હું મારી કારકિર્દીમાં શિક્ષક બનવાનું પસંદ કરીશ. આ ક્ષેત્રે ભારત સરકાર તથા નહેરુ યુવા કેન્દ્રના પ્રયાસો અભિનંદનને પાત્ર છે. ગુજરાતમાં શરીર તથા મનને સ્વસ્થ રાખવા યોગનો ઉપયોગ કરાય છે. વળી અહીંના નાગરિકોમાં ભાઈચારાની ભાવના પણ ખુબ સારી છે. અહીં દારૂબંધી છે જે મને ખુબ આકર્ષે છે.'

**- ઓમપ્રકાશ (બીએસસી-પ્રથમ વર્ષ)**
**રાજમાન ગામ, છત્તીસગઢ**



## એમસીબીએસ પ્રા. લિ. ને મળ્યો એન્ટરપ્રીનિયર ઓફ ધ યર-૨૦૧૬ ઈન્ડીયા એવાર્ડ





ગાંધીનગર જીઆઈડીસી ઈલેકટ્રોનિકસ એસ્ટેટમાં આવેલ ૩૦ વર્ષ જૂની કંપની એમસીબીએસ પ્રા. લિમીટેડને નેશનલ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયા દ્વારા આ વર્ષે કંપનીની શ્રેષ્ઠ કામગીરીને ધ્યાનમાં લેતા એન્ટરપ્રીનિયર ઓફ ધ યર ૨૦૧૬ ઈન્ડીયા એવાર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ એવાર્ડ મુંબઈ ખાતે યોજાયેલ સેમીનારમાં આ કંપનીના ડાયરેક્ટર મનીષ જૈન દ્વારા મેળવવામાં આવ્યો હતો. મનીષ જૈન કોમ્પ્યુટર સાયન્સમાં એન્જીનીયરીંગની ડીગ્રી ધરાવે છે. આ એકમમાં તેઓ ડીટીએચ અન્ટેનાનું ઉત્પાદન કરે છે. તેમના એકમનું નામ ગુણવત્તા માટે ભારતભરમાં જાણીતું છે.

## ઉત્તર દશ્કોઈ કડવા પાટીદારનો સ્નેહમિલન સમારંભ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટનો આગામી સ્નેહમિલન સમારંભ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ ડી. પટેલના અધ્યક્ષસ્થાને તા. ૮-૧-૨૦૧૭ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે વી.ડી. પટેલ વિદ્યાસંકુલ, રાયસણ પેટ્રોલપંપની પાછળ, મુ. રાયસણ ખાતે રાખવામાં આવેલ છે. જે અંગેના ભોજન પાસ તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં સેકટર પ્રતિનિધિ પાસેથી મેળવી લેવા તેમજ બાળકોની માર્કશીટ તા. ૨૫-૧૨-૨૦૧૬ સુધીમાં સેકટર પ્રતિનિધિ/પ્રમુખ/ મંત્રીને મોકલી આપવા આ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## આર્ટ ઓફ લીવીંગની ક્રિસમસ શિબિર

ગાંધીનગર, તા.૧૬

શ્રી શ્રી રવિશંકર સંચાલિત આર્ટ ઓફ લીવીંગના ઉપક્રમે બાળકો તથા કિશોરો માટે ક્રિસમસ શિબિરનું આયોજન મેઘમલ્હર ખાતે બીજે માળે કરવામાં આવ્યું છે. જેમાં ૮ વર્ષથી ૧૮ વર્ષ સુધીના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. તનાવરહિત મન અભ્યાસમાં વધારે એકાગ્ર બની શકે તે માટે તંદુરસ્ત શરીર અને સ્વસ્થ મનની આવશ્યકતા રહે છે. જે પ્રાણાયામ, યોગાસન તેમજ ધ્યાન દ્વારા શકય છે. તા. ૨૦-૧૨-૨૦૧૬ થી ૨૫-૧૨-૦૧૬ દરમિયાન યોજાનાર આ શિબિરનો સમય સાંજે ૫ થી ૭નો રહેશે. બાળકોના વ્યકિતત્વ વિકાસમાં જરૂરી આત્મવિશ્વાસ, નેતૃત્વશકિત, યાદશકિત જેવી હકારાત્મક લાગણીઓને પોષક જ્ઞાનની વાતો પણ સરળતાથી સમજી શકે તેવી પ્રવૃત્તિઓ પણ આ શિબિરમાં કરાવવામાં આવશે. રસ ધરાવનારે સે-૧૧માં મેઘમલ્હાર કોમ્પ્લેક્ષના બીજા માળે સંપર્ક સાધવા જણાવાયું છે.

# મનપાએ ઢોર હાંકયા ત્યાં શ્વાનની પળોજણથી નાગરીકો હેરાન

## સે-૨૯માં રમતગમતના સાધનો મુકવામાં આવ્યા છે ત્યાં જ શ્વાનનો અડ્ડો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સેકટરોમાં વિવિધ સ્થળો પર બાળકોને રમવા માટેના સાધનો મુકવામાં આવ્યા છે. જયા નાના બાળકો ઘર આંગણે સરળતાથી રમી શકે, પરંતુ પાલિકા દ્વારા સેકટર-૨૯ ચ-૭ પાસેના કોમન પ્લોટમાં મુકવામાં આવેલા રમત-ગમતના સાધનો બાળકો માટે માત્ર શોભાના ગાંઠીયા સમાન બની ગયા છે કારણ કે આ કોમન પ્લોટમાં શ્વાનનો અડ્ડો છે. જે સ્થળ પર સાધનો મુકાયા છે ત્યાં જ આઠ થી દસ શ્વાન સવાર-સાંજ બેસતા હોવાથી આસપાસમાં રહેતા વસાહતીઓ પોતાના બાળકોને લઈને રમવા માટે કોમનપ્લોટમાં આવી શકતા નથી કારણ કે આ જ વિસ્તારમાં થોડાસમય પહેલા એક હડકાયા શ્વાને આંતક મચાવ્યો હતો. આ સમસ્યાને પગલે અનેકવાર સ્થાનિક નાગરીકોએ પાલિકામાં મૌખિક રજુઆત કરી છે પરંતુ કોઈ નિવડો આવતા નાગરીકો રોષે ભરાયા છે અને માત્ર બાળકો માટે કોમનપ્લોટમાં મુકવામાં આવેલા રમત-ગમતના સાધનો ધુળ ખાઈ રહ્યા છે.

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા બાળકોને રમવા માટેના રમત-ગમતના સાધનો સેકટરોમાં મુકવામાં આવ્યા છે.



તંત્ર દ્વારા સાધનો આડેધડ કોમન પ્લોટમાં ગોઠવી દેવાતા નાગરીકોમાં રોષ પણ ભભુક્યો હતો. જયારે કેટલાક સ્થળો પર સાધનો તુટી જવા પામ્યા છે. ત્યારે રમત-ગમતના સાધનો બાળકો માટે રમવાના કામમાં નહી આવતા નિરર્થક સાબિત થયા છે. ત્યારે સેકટર-૨૯માં ચ-૭ પાસે સાધનો મુકવામાં આવ્યા છે તે સ્થળ પર જ ચોવીસ કલાક શ્વાનનો અડ્ડો છે. આસપાસ રહેતા વસાહતીઓ પણ શ્વાનના ભયથી બાળકોને રમવા માટે લઈ જઈ શકતા નથી.જયારે થોડા સમય પહેલા આ વિસ્તારમાં હડકાયા શ્વાને આંતક મચાવ્યો હતો તેથી વસાહતીઓ પોતાના વ્હાલસોયાને લઈને રમવા માટે આ સ્થળ પર જઈ શકતા નથી. ત્યારે તાત્કાલીક આ વિસ્તારમાંથી શ્વાનને પાલિકા તંત્ર દ્વારા પકડીને દુર મુકી આવે તેવી લોકમાંગ ઉઠી છે.

## સ્વામી પ્રેમાનંદજીનો સત્સંગ કાર્યક્રમ યોજાશે

દિવ્યજીવન સંઘ ગાંધીનગર શાખાના ઉપક્રમે શિવાનંદ આશ્રમ ઉત્તરકાશી (ઉત્તરાખંડ, હિમાલય)થી પધારેલ પૂજય સ્વામી પ્રેમાનંદજી મહારાજ (પૂ. શીવાનંદ સરસ્વતીજીના શિષ્ય)ના સત્સંગનું આયોજન તા. ૧૮ થી ૩૦ ડિસેમ્બર ત્રણ દિવસ સાંજે ૫.૩૦ થી ૭.૦૦ કલાક દરમિયાન દિવ્યજીવન સંઘ, ૨૦૫, આનંદનગર, ૨૪ ચાર રસ્તા પાસે, સે-૨૭-ગાંધીનગર ખાતે યોજાશે. આ સત્સંગનો સૌ નગરજનોને લાભ લેવા દિવ્યજીવન સંઘ દ્વારા જણાવાયું છે.

## અવસાન નોંધ

પ્રેમશંકર લલ્લુભાઈ જાની (છીંકણીવાળા) પરિવાર-લીંબડી-જિ. સુરેન્દ્રનગરના સુપુત્ર અને મયંકભાઈના પિતા તથા શાંતિલાલભાઈ દવે (વઢવાણ)ના જમાઈ સ્વ. પંકજભાઈ પ્રેમશંકર જાની (એસ.બી.આઈ.)નું દુઃખદ અવસાન થયું છે. સદગતનું બેસણું તા. ૧૭-૧૨-૨૦૧૬ને શનિવારે પ્લોટ નં. ૧૪૬૫/૨, સે-૨-બી, મહુડી મંદિર પાસે, ગાંધીનગર મુકામે સાંજે ૩.૩૦ થી ૫.૩૦ દરમિયાન રાખવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. જાની પંકજકુમાર પ્રેમશંકર, ઉ.વ. ૬૬
- સ્વ. મોદી રસીકલાલ સોમચંદ, ઉ.વ.૭૮
- સ્વ. જવાનજી નાથાજી ઠાકોર, ઉ.વ. ૭૮
- સ્વ. જડીબેન દેવજીભાઈ વાઘરી, ઉ.વ.૯૦